# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : TUESDAY** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

****************************************************

1. ચૂંટણી પંચે બિહારમાં ખાસ સઘન સમીક્ષા–SIR હેઠળ અંતિમ મતદાર યાદી બહાર પાડી
2. દેશમાં શેરડીની ખેતી સંબંધિત પડકારોનો સામનો કરવા ભારતીય કૃષિ સંશોધન પરિષદ એક ખાસ ટીમ બનાવાશે.
3. ભારતીય સેનાએ કહ્યું- જો પાકિસ્તાન ઓપરેશન સિંદૂર બાદ પણ તેની હરકતોનું પુનરાવર્તન કરશે, તો તેને આકરી સજા ભોગવવી પડશે.
4. લદ્દાખના હિંસાગ્રસ્ત લેહમાં પરિસ્થિતિમાં સુધારો થતાં, બે તબક્કામાં પ્રતિબંધો હળવા કરાયા
5. ICC ક્રિકેટ મહિલા એક દિવસીય આંતરરાષ્ટ્રીય વિશ્વકપની પહેલી મેચમાં શ્રીલંકા સામે ભારતના 47 ઓવરમાં 266 રન

……………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

## BIHAR - VOTER LIST

ચૂંટણી પંચે આજે બિહારમાં ખાસ સઘન સમીક્ષા –SIR  હેઠળ અંતિમ મતદાર યાદી બહાર પાડી છે. આ મતદાર યાદી પંચની સત્તાવાર વેબસાઇટ પર ઉપલબ્ધ છે. બિહારના મુખ્ય ચૂંટણી અધિકારીના કાર્યાલય અનુસાર, મતદાર યાદીની નકલો તમામ જિલ્લા ચૂંટણી અધિકારીઓ-જિલ્લા મેજિસ્ટ્રેટને ઉપલબ્ધ કરાવવામાં આવશે.

. . . . . . . . . . . . .

## PM - RSS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) ના શતાબ્દી સમારોહમાં હાજરી આપશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી રાષ્ટ્રમાં તેના યોગદાનને ઉજાગર કરતી ખાસ ડિઝાઇન કરેલી સ્મારક ટપાલ ટિકિટ અને સિક્કો પણ બહાર પાડશે.

. . . . . . . . . . . . .

## ISRAEL - MODI

ભારતમાં ઇઝરાયલના રાજદૂત રુવેન અઝારે ગાઝા સંઘર્ષનો અંત લાવવાના ઉદ્દેશ્યથી અમેરિકાની આગેવાની હેઠળની શાંતિ યોજનાને સમર્થન આપવા બદલ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો આભાર માન્યો છે.

આજે નવી દિલ્હીમાં મીડીયા સાથે વાત કરતાં શ્રી અઝારે આ ઘટનાક્રમને ઐતિહાસિક ગણાવ્યો.

. . . . . . . . . . . . .

## ICAR Consultation - Chauhan

કેન્દ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જાહેરાત કરી છે કે દેશમાં શેરડીની ખેતી સંબંધિત પડકારોનો સામનો કરવા માટે ભારતીય કૃષિ સંશોધન પરિષદ હેઠળ એક ખાસ ટીમ બનાવવામાં આવશે.

શ્રી ચૌહાણે નવી દિલ્હીમાં વર્ચ્યુઅલી શેરડી અર્થતંત્ર પર રાષ્ટ્રીય પરામર્શને સંબોધન કરતાં જણાવ્યું કે આ ટીમ ખેડૂતો, વૈજ્ઞાનિકો અને ઉદ્યોગના હિસ્સેદારો પાસેથી ઇનપુટ લઈને શેરડી નીતિ અને સંશોધન માર્ગદર્શિકા ઘડશે.

. . . . . . . . . . . . .

## Punjab Army

ભારતીય સેનાએ ખાતરી આપી છે કે જો પાકિસ્તાન ઓપરેશન સિંદૂર દરમિયાન કડક સજા મળ્યા છતાં તેની હરકતોનું પુનરાવર્તન કરશે, તો તેને આ વખતે આકરી સજા ભોગવવી પડશે.

વેસ્ટર્ન કમાન્ડના આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ મનોજ કુમાર કટિયારે આજે તરન તારનમાં મીડિયાને સંબોધતાં જણાવ્યું કે પાકિસ્તાન પોતાના સ્વાર્થ માટે ભારત સાથે સંઘર્ષ ચાલુ રાખવા માંગે છે. તેની સેના અને સેનાપતિઓ ભારતને ઉશ્કેરતી કેટલીક પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. તેમણે

કહ્યું કે ઓપરેશન સિંદૂર હજુ પૂર્ણ થયું નથી અને કોઈપણ નાપાક પ્રવૃત્તિઓનો સામનો કરવા માટે તૈયારીઓ હજુ પણ ચાલી રહી છે.

કોઈપણ ખતરાનો સામનો કરવા માટે ભારતીય સૈન્ય ડ્રોન અને કાઉન્ટર-ડ્રોન સિસ્ટમ જેવી નવી ટેકનોલોજી પણ મેળવી રહી છે એમ જણાવતાં શ્રી કટિયારે કહ્યું કે ભારતીય સેના પાકિસ્તાન સામે લડવામાં કોઈપણ ક્ષેત્રમાં પાછળ રહેશે નહીં.

. . . . . . . . . . . . .

## LEH - RESTRICTIONS EASED

લદ્દાખના હિંસાગ્રસ્ત લેહ જિલ્લામાં પરિસ્થિતિમાં સુધારો થતાં, અધિકારીઓએ આજે બે તબક્કામાં પ્રતિબંધો હળવા કર્યા. મોબાઇલ ડેટા સેવાઓ સ્થગિત રહે છે. ગૃહ મંત્રાલયે 3 ઓક્ટોબરના રોજ સાંજે 6 વાગ્યા સુધી લેહમાં મોબાઇલ ડેટા સેવાઓ સ્થગિત કરવાનો આદેશ આપ્યો છે. આજે સવારે 10 વાગ્યાથી બપોરે 2 વાગ્યા સુધી પ્રતિબંધો હળવા કરવામાં આવ્યા હતા, અને બાદમાં, શાંતિપૂર્ણ વાતાવરણને કારણે, તે સાંજે 5 વાગ્યા સુધી લંબાવવામાં આવ્યા હતા.

. . . . . . . . . . . . .

## JITENDRA-BIOTECH MOU

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી જીતેન્દ્ર સિંહે આજે જણાવ્યું હતું કે ભારતની ફાર્માસ્યુટિકલ નિકાસ આ વર્ષ સુધીમાં 27 અબજ ડોલરથી વધીને 30 અબજ ડોલરને વટાવી જવાની ધારણા છે.

બાયોટેકનોલોજી વિભાગ અને ઉત્તર પ્રદેશ સરકાર વચ્ચેના સમજૂતી કરાર પર હસ્તાક્ષર પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે આ કરાર 2047 સુધી વિકસિત ભારતનું વિઝન આગળ વધારવામાં મદદ કરશે અને સસ્તા આરોગ્ય સંભાળ ઉકેલોના પ્રદાતા તરીકે ભારતની સ્થિતિને મજબૂત બનાવશે.

ડૉ. સિંહે કહ્યું કે ભારતને વિશ્વની ફાર્મસી કહેવામાં આવી રહ્યું છે અને તે બેસોથી વધુ દેશોમાં તેની ઉત્પાદિત રસીઓ પૂરી પાડી રહ્યું છે.

. . . . . . . . . . . . .

## PRIME MINISTER - NADDA-MALHOTRA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હી સ્થિત તેમના નિવાસસ્થાને ભાજપના વરિષ્ઠ નેતા વિજય કુમાર મલ્હોત્રાને શ્રદ્ધાંજલિ આપી. 93 વર્ષના વરિષ્ઠ ભાજપ નેતાનું આજે સવારે નવી દિલ્હી સ્થિત એઈમ્સ ખાતે અવસાન થયું. તેઓ ભાજપના દિલ્હી એકમના પ્રથમ પ્રમુખ હતા.

ઉપરાષ્ટ્રપતિએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું, "તેઓ એક ઉત્કૃષ્ટ નેતા હતા, લોકોની ચિંતાઓ પ્રત્યે તેમની ઊંડી સમજણ માટે વ્યાપકપણે આદરણીય હતા."

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે તેઓ લોકોના મુદ્દાઓની ઊંડી સમજ ધરાવતા ઉત્કૃષ્ટ નેતા હતા. શ્રી મોદીએ વિજય કુમાર મલ્હોત્રાના પરિવાર અને ચાહકો પ્રત્યે પણ સંવેદના વ્યક્ત કરી.

આ દરમિયાન, ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપ પ્રમુખ જગત પ્રકાશ નડ્ડા અને અન્ય પાર્ટી નેતાઓએ શ્રી મલ્હોત્રાને તેમના નિવાસસ્થાને શ્રદ્ધાંજલિ આપી.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

# KARUR-NDA

સાંસદ અને અભિનેત્રી હેમા માલિનીના નેતૃત્વમાં એનડીએનું એક પ્રતિનિધિમંડળ ભાગદોડ બાદ પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે કરુરની એક દિવસની મુલાકાતે છે. તેમણે ભાગદોડમાં ઘાયલ થયેલા લોકો સાથે મુલાકાત કરી અને હોસ્પિટલોમાં સારવાર લઈ રહેલા લોકો સાથે વાત કરી.

આ દરમિયાન, તમિલનાડુ પોલીસે કરુર ભાગદોડના કેસમાં ત્રણ લોકોની ધરપકડ કરી છે.

. . . . . . . . . . . . .

# GST REFORMS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ –જીએસટીના ઘટાડાનો લાભ સમાજના તમામ વર્ગોને મળી રહ્યો છે. આ સુધારાઓ વિવિધ માલ અને સેવાઓ પર કર દર ઘટાડીને નાગરિકોને નોંધપાત્ર લાભ આપી રહ્યા છે. સાંભળીએ અહેવાલ...

(વોઇસકાસ્ટ – કરન પરમાર)

*(નવા GST સુધારા હેઠળ, સરકારે સિમેન્ટ, માર્બલ અને ગ્રેનાઈટ જેવી બાંધકામ સામગ્રી પર કર ઘટાડીને સામાન્ય માણસને નોંધપાત્ર રાહત આપી છે. નવા કર માળખા હેઠળ, સરકારે માર્બલ અને ગ્રેનાઈટ પરના કર દર 12 ટકાથી ઘટાડીને 5 ટકા કર્યા છે. GSTમાં આ ઘટાડાથી બાંધકામ સામગ્રીની કિંમત ઘટી ગઈ છે.*

*આ નિર્ણય ગ્રામીણ વિસ્તારોમાં આવાસ બાંધકામનો ખર્ચ ઘટાડશે અને ઈંટના ભઠ્ઠા ચલાવતા સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગોને ટેકો આપશે. ફ્લોરિંગ, ઇન્ટિરિયર અને સિમેન્ટ માટે ઓછા ખર્ચથી ઘર ખરીદનારાઓને ફાયદો થવાની અપેક્ષા છે અને જાહેર ખર્ચનો વધુ કાર્યક્ષમ ઉપયોગ થશે. સૌમ્ય શરણ રોહન સાથે, કરન પરમાર આકાશવાણી સમાચાર અમદાવાદ..)*

. . . . . . . . . . . . .

# SEVA PARV - EDUCATION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, સરકાર સેવા અને સુશાસનના મંત્ર પર આધારિત પરિવર્તન અને પ્રગતિ માટે અથાક મહેનત કરી રહી છે. "સેવા પર્વ" ની ખાસ શ્રેણીમાં, આજે મોદી સરકારે શિક્ષણ ક્ષેત્રમાં કરેલા સુધારા અંગે સાંભળીએ એક અહેવાલ...

(વોઇસકાસ્ટ- અજય ઇન્દ્રેકર)

છેલ્લા અગિયાર વર્ષોમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં, સરકારે યુવાનોને ગુણવત્તાયુક્ત શિક્ષણ, આધુનિક કૌશલ્ય, રોજગાર અને સફળ ઉદ્યોગસાહસિક બનવા માટે જરૂરી સહાય પૂરી પાડીને સશક્ત બનાવવા માટે સંપૂર્ણ સમર્પણ સાથે કામ કર્યું છે. જુલાઈ 2020 માં, સરકારે રાષ્ટ્રીય શિક્ષણ નીતિનું અનાવરણ કર્યું, જેનો હેતુ શાળા શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણમાં વિવિધ સુધારાઓ કરવાનો હતો, જેમાં ટેકનિકલ શિક્ષણનો પણ સમાવેશ થાય છે. આ વર્ષે 29 એપ્રિલે નવી દિલ્હીમાં યુગમ સમિટમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાર મૂક્યો હતો કે સરકાર 21મી સદીની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે દેશની શિક્ષણ પ્રણાલીનું આધુનિકીકરણ કરી રહી છે.

(બાઈટ – પીએમ)

૨૦૧૪ થી, એઈમ્સ સંસ્થાઓની સંખ્યા ૭ થી વધીને ૨૩ થઈ છે, જ્યારે મેડિકલ કોલેજોની સંખ્યા ૩૮૭ થી વધીને ૨૦૦૦ થી વધુ થઈ છે. આ પ્રયાસો દ્વારા, ભારત તેની યુવા વસ્તીને એક મજબૂત અને વિકસિત રાષ્ટ્રના પ્રેરક બળમાં પરિવર્તિત કરી રહ્યું છે.

અજય ઇન્દ્રેકર, આકાશવાણી સમાચાર અમદાવાદ

. . . . . . . . . . . . .

# WOMEN WORLD CUP

ગુવાહાટીમાં રમાઈ રહેલી એક દિવસીય ક્રિકેટ મહિલા વિશ્વ કપની પહેલી મેચમાં છેલ્લા અહેવાલ પ્રમાણે ભારતીય ટીમે 47 ઓવરમાં 7 વિકેટે 266 રન બનાવ્યા છે. શ્રીલંકાએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. વરસાદને કારણે મેચ 48 ઓવરની કરવામાં આવી છે.

હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની ભારતીય ટીમ ભારતીય મહિલા ક્રિકેટ ટીમના પોતાના પ્રથમ ICC ખિતાબ માટે સજ્જ છે.

-------------

## QUETTA BLAST

પાકિસ્તાનમાં, ક્વેટા ફ્રન્ટિયર કોન્સ્ટેબ્યુલરી (FC) મુખ્યાલયની બહાર કાર બોમ્બ વિસ્ફોટમાં આઠ લોકો માર્યા ગયા અને ઓગણીસ ઘાયલ થયા.

બલુચિસ્તાન લાંબા સમયથી પ્રતિબંધિત બલૂચ લિબરેશન આર્મી જેવા જૂથો દ્વારા આચરવામાં આવતી હિંસાથી પીડાય છે.

. . . . . . . . . . . . .

## UAE VISIT VISA

સંયુક્ત આરબ અમીરાત - UAE એ ક્રુઝ શિપ અને નૌકાઓ સહિત કૃત્રિમ બુદ્ધિમત્તા, મનોરંજન, આયોજન અને પર્યટન ક્ષેત્રના નિષ્ણાતોને આકર્ષવા માટે ચાર નવી વિઝિટ વિઝા શ્રેણીઓ શરૂ કરી છે.

નવા નિયમો ટેકનોલોજી, ખાસ કરીને AI, તેમજ મનોરંજન અને પર્યટન ક્ષેત્રોમાં પ્રતિભા, કુશળતા અને ઉદ્યોગસાહસિકોને આકર્ષવા માટે UAE ના પ્રયાસોને મજબૂત બનાવવા માટેની રચના કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .